**ટકા તપી જાય તેવી ગરમી ભલે હોય, ખિસ્સામાં ખનખનિયા ભલે ન હોય... ટકોરાબંધને મત આપજો**

# ભવિષ્ય ઘડજો... આખર તારીખે દાન કરજો !

### આખર તારીખે દાતા બનવાનો અવસર !

તંત્રીશ્રી,

મોટાભાગના લોકોના આખરી તારીખે ખિસ્સા ખાલી થઈ ગયા હોય છે. આવતી ૩૦ તારીખે ખાલી ખિસ્સે દાન કરવાનો મોકો મળ્યો છે. ગુજરાતમાં ૩૦ એ-િલે મતદાન છે. એક બાજુ જોરદાર ગરમી પડી રહી છે, નેતાઓની સભાઓમાં લોકો ઉમટતા નથી. લોકસભાની ચૂંટણીનું સુષ્ક વાતાવરણ છે. માહોલ જામતો નથી. લોકો સભાઓમાં ન જાય તે ફાયદાકારક છે, પરંતુ મતદાન કરવા નહિ જાય તો મોટું નુકસાન થશે. લબાડ જેવા ઉમેદવારો ચૂંટાશે તો દેશ અને નાગરિકો બંનેની પથારી ફરશે. આખર તારીખે ખાલી ખિસ્સે મતદાન થઈ શકે છે. વાદ-વિવાદને દૂર રાખી, રાષ્ટ્રના હિતમાં ઉંડો વિચાર કરીને ઉમેદવાર - પક્ષને મત આપવો જોઈએ. મત ન આપનારા લોકો પોતાના જ પગ પર કુહાડો મારે છે, એ યાદ રાખજો.

- રવજીભાઇ પટેલ

### ભીમચાસ ઘુનો તંત્ર લપસ્યું !

તંત્રીશ્રી,

દામનગર - લાઠી - ખાખરીયા વિસ્તારમાંથી ૩૮૪ પદયાત્રીનો યાત્રા સંઘ દ્વારકાની યાત્રાએ નીકળેલ હતો. આ સંઘ ગીર મધ્યે ધાર્મિક સ્થળ તુલસીશ્યામની જગ્યામાં તા. ૧૬ માર્ચના રોજ સાંજના ૫ કલાકે પહોંચે તે પહેલા તુલસીશ્યામથી ૪ કિ.મી. દુર ભીમચાસના અતિ જોખમી ઘુનો પદયાત્રીઓ પૈકીના યાત્રાળુ સંજય પટેલ નામના આશાસ્પદ યુવાનનું અકસ્માતે પાણીમાં પડી જતાં કરૂણ મૃત્યુ નીપજેલ છે. ત્યારે આ અકસ્માત પછી અને ભૂતકાળમાં બનેલા બનાવો ધ્યાને લેતા અનેક સવાલો હવામાં ઘુમરાઇ રહ્યા છે ત્યારે ગીરનાર જેવો મહાસવાલ એ છે કે, અનેક માનવ જીંદગીનો ભોગ લેવાયા પછી વનતંત્ર શું વિચારે છે ?

-થમ અતિ જોખમી ઘુના વિશે વાત કરીએ તો લોકવાયકા મુજબ આ ઘુનાનો ઈતિહાસ પાંડવો સાથે સંકળાયેલ છે. ગીર જંગલમાં વન વિચરણ દરમ્યાન ભીમ નામના પાંડવે પાટુ મારતા ઘુનો પડેલ જેના નામ ઉપરથી ભીમચાસ ઘુનો કહેવાય છે. આ ઘુનામાં પડી ગયા હોય એમાંથી કદી કોઈ પાછું આવ્યું નથી. તેવું ભૂતકાળના બનાવો ઉપરથી જણાઈ આવેલ છે. કહેવાય છે કે આ ઘુનામાં મગરોનો વાસ છે. જેથી પાણીમાં પડી જનાર ઘડી બે ઘડીમાં મગરનો શિકાર બની જાય છે. આ ઘુનો અતિ જોખમી અને ભયંકર છે તેવું વન તંત્ર પણ સ્વીકારે છે છતાં સલામતીના કોઈ પગલા લેવાતા નથી કે વિચારતા નથી તેવું ચોક્કસ લાગી રહ્યું છે.

'આ ઘુના નજીક કોઈએ જવું નહી' - તેવી ચેતવણી સાથે ઘુનાથી ૨૦૦ મીટર દુર બોર્ડ મારવામાં આવ્યું છે પરંતુ વર્ષો પહેલા લખાયેલા બોર્ડમાં પુરતા શબ્દો પણ વંચાતા નથી ત્યારે બોર્ડ વ્યવસ્થિત લખાવવાની પણ તંત્રએ તસ્દી લીધી નથી. તેવું બોર્ડ ઉપર જણાયું છે. વળી બોર્ડ ૨૦૦ મીટર દુર શા માટે ? ઘુના નજીક જ દરેક દિશામાં પણ બોર્ડ શા માટે નહીં ? ધારો કે બોર્ડ વાંચીને પણ આ -તિબંધિત વિસ્તારમાં કોઈ જતું હોય તો તેના ઉપર કડક કાર્યવાહી કરી ગુન્હો નોંધી લોકોમાં ધાક બેસે તેવું વલણ અપનાવવું જોઈએ કે નહી ? જેથી કરીને લોકો ત્યાં જતા ડરે તેવું વાતાવરણ હોવું જોઈએ તે જવાબદારી વનતંત્રની છે.

લોક લાગણી અને માંગણી મુજબ વન વિભાગ દ્વારા રોડના કાંઠે નવેસરથી મોટા બોર્ડ મુકવા, સ્થળ નજીક દરેક દિશામાં મોટા બોર્ડ મુકવા જરૂરી છે તેમજ આ અતિ જોખમી ઘુનાના કિનારા સુધી કોઈ પહોંચી જ ન શકે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. તેમજ સમગ્ર ઘુના ફરતે ૧૦ ફુટ ઉંચી લોખંડની મજબુત જાળી બનાવવી જોઈએ. આ લોક માંગણી બાદ હવે પછી એકપણ માનવ જીંદગીનો આ સ્થળે ભોગ ન લેવાય તે માટે વહેલામાં વહેલી તકે યોગ્ય વ્યવસ્થા અને કાર્યવાહી થશે ખરી ? અમરેલી જીલ્લાના -થમ હરોળના અગ્રણી તથા કેબીનેટ મંત્રી દિલીપભાઈ સંઘાણી, વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલ, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી કિરીટસિંહ રાણા, સાંસદ વિરજીભાઈ ઠુંમર - અમરેલી તથા સાંસદ જશુભાઈ બારડ - જૂનાગઢ, ધારાસભ્યો મનસુખભાઈ ભુવા - ધારી અને કે.સી.રાઠોડ - ઉના વિગેરેએ અંગત રસ લઈ લોકહિતાર્થે આ સમસ્યાનો ઉકેલ લાવવા યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. તેમજ વન સંરક્ષકશ્રી (વન્ય -ાણી વર્તુળ) એમ.એમ.શર્મા - જૂનાગઢ તથા નાયબ વન સંરક્ષકશ્રી (ગીર પૂર્વ વન વિભાગ) એમ.રાજાજી - ધારીએ આ સમસ્યાના યોગ્ય ઉકેલ માટે પોતાની ઉમદા ફરજ બજાવવી જોઈએ તેવું મંતવ્ય છે.

- હરજીભાઇ નારોલા (દામનગર)

### મતદાન પૂર્વે

તંત્રીશ્રી,

આઝાદીથી આજ સુધી બસ આમ જ આમ જનતા આમની જેમ ચૂસાતી, છુંદાતી, પીલાતી, પીસાતી રહી ! અરે, ગોટલા સોતી ખવાતી રહી !! તોય આશાના તાંતણે બંધાઈ રહ્યા આપણે !! પણ હવે તો હે ભારતમાતાના પનોતા પુત્ર જાગો નિજ અધિકાર માગો એટલું જરૂર સમજી લેજો, લોકશાહીની શાન સશક્ત મતદાન પણ દર્દ છે તો દવા છે, દુઃખ છે તો દુઆ છે.

આટલા આટલા અનુભવના આધારે કાયરતા નહીં કોઠાસૂઝના સહારે કરો કુદરતી ઉપચાર, -થમ એકતાના એનીમાનો લો આધાર તો જ પેટમાં ચૂંક આપતો હોય એવો ભભતર ભરાયેલો નીત નવી પીડા આપતો, સતાવતો (મળ) કચરો થશે સાફ (અલબત્ત કહેવાતા નેતાઓનો) ત્યારબાદ કરાવા અસહકારનો અપવાસ પછી આપો સુદર્શન ધનવટી હઠીલો રોગ કાબુમાં ન આવે ત્યાં લગી ! ભલે લાગે કડવાશ તો જ મિઠાશનો થશે અહેસાસ (વચનોની યાદ અપાવી) તોય દર્દ દાદ ન દે તો દિલમાં દુઆ પણ આંખમાં રતાશ અને હૃદયમાં ગરમાશ ભરી કરાવો કઠીન હઠયોગ અને જુઓ કેવો ભાગે રોગ ! ત્યારબાદ હળવે હાથે લસોટી આપો આનંદવટી અને જુઓ પુનઃ -ાપ્ત થાય કેવી તંદુરસ્તી પણ એટલું રાખજો ધ્યાન આનંદન વટીની માત્રા ન જાય વધી, વરના એની અસર જાય ઘટી !! (ઈલેકશન પછી) આ જડીબુટ્ટીની ફોર્મ્યુલા રાખશો પાસ, ન કરશો કોઈનો વિશ્વાસ નહીં તો મળશે અનેક ખરીદાર, લૂંટનાર આજ તો આપણા જીવનનો અંતિમ આધાર, અન્ય શું છે આપણી પાસ ? યોગ્ય વ્યક્તિને મતદાન એ જ જીવતદાન નહિતર વોહી હાલ હવાલ.

- ઘનશ્યામ ઠક્કર (રાજકોટ)

**મોકળુ મેદાન... ઉઠાવો કલમ**

-િય વાચક મિત્રો,

''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે -કાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, -શ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો -સિદ્ધ કરવામાં આવે છે. આપના અભિ-ાય, -શ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ

: સરનામૂ :
અકિલા દૈનિક
મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ

### નેતા-નેતીઓને દરિયામાં ડૂબાડો !

તંત્રીશ્રી,

થોડો સમય પહેલા મેં એક જગ્યા પર ભારતના તત્વચિંતક ઓશો - રજનીશનું રાજકારણીઓ સંદર્ભેનું વાક્ય વાંચ્યું. એ વાક્ય હતું કે 'દેશમાં શાંતિ સ્થાપવી છે ? તો બધા રાજકારણીઓને દરિયામાં ડુબાડીદો, અવશ્ય શાંતિ સ્થપાશે.' હવે હું કોઈ રજનીશ ભક્ત કે તેનો અનુયાયી નથી, પરંતુ ભારત દેશની સાં-ત રાજકીય વાસ્તવિકતાને ધ્યાને લઈને ઉપરોકત વાકયનો તટસ્થભાવે વિચાર કરતા તે તદ્દન ઉચિત જણાઈ રહ્યું છે.

ભારત દેશ અત્યારે ધાર્મિક ઘર્ષણ, આર્થિક વિકાસ, વિશ્વસ્તરે પહેચાન, સીમા વિવાદ જેવી અગત્યની અને ગંભીર બાબતો અંગે સંઘર્ષરત છે તેવા સંજોગોમાં વિપરીત પરિસ્થિતિઓમાંથી પાર ઉતારી શાંતિ અને સમૃધ્ધિની વાટ પર લઈ જઈ શકે તેવું નેતૃત્વ દુર દુર સુધી દેખાતું નથી. વિશ્વમાં કોઈપણ દેશ કરતા વધુ યુવાધન ધરાવતા ભારતને યુવાનો માટે આદર્શ એવા -રણાદાયી વ્યક્તિત્વની સખત ખોટ વર્તાઈ રહી છે. દેશની આઝાદીના સમયગાળામાં રાજકારણમાં -વેશ કરવા હેતુ મોટાભાગના રાજકારણીઓ પાસે ઉચ્ચ સિધ્ધાંતો, નિતિમતા અને સમાજ સેવાની ઈચ્છા સાથેનું મેઘાવી વ્યક્તિત્વ હતું.

પહેલાનાં સમયમાં નેતાઓ પાસે રાજ કરવા માટેના કારણોમાં દેશહિત, -જાહિતનો સમાવેશ થતો હતો. આજના સમયમાં રાજ કરવાના આવશ્યક કારણોમાં, મૂલ્યોના હાસ, -જાની સંપત્તિની લૂંટ, નીતિમતાની અધોગતી, સામાજીક ઉત્તારદાયિત્વ -ત્યેની અભાનતા જણાય રહ્યા છે. અત્યારના રાજકારણીઓ તકસાધુ રાજનીતિના આચરણ દ્વારા દેશને અંધકારમય પરિસ્થિતિમાં લઈ જઈ રહ્યા છે. આ સમયે દેશના -ત્યેક નાગરિકે જાગૃત બની માત્ર દેશહિતને જ -ધાન્ય આપવાની ભાવના કેળવી શિક્ષિત, -ામાણિક તથા સમાજના પાયાના એકમોથી સર્વાંગી ઉત્થાન કરવાની ત્યાગસભર ભાવના ધરાવતા રાષ્ટ્રવાદી નેતાઓને જ ચૂંટવા પડશે અને પરમપૂજનિય આચાર્ય રત્નસુંદરવિજય મહારાજ સાહેબે જણાવેલ છે તેમ 'દુર્જનોની સક્રિયતા કરતા સજ્જનોની નિષ્ક્રિયતા વધુ ભયાનક અને ખરાબ છે.' અને આ નિષ્ક્રિયતાના પરીણામો દેશના -ત્યેક નાગરિકે ન ભોગવવાના આવે તે માટે યોગ્ય નેતૃત્વની પસંદગી હેતુ આળસ તથા નિષ્ક્રિયતા ખંખેરી સમગ્ર દેશ, સમાજ -ત્યે અદ્વૈતભાવ કેળવી યોગ્ય મનોમંથન સાથે મતદાન કરવું આવશ્યક છે, અન્યથા ઓશોના દર્શન મુજબ દેશની અધોગતિ તથા અશાંતિના કારણરૂપ સાં-ત રાજકારણીઓને દેશમાં શાંતિ સ્થાપવા દરીયામાં ડૂબાડયા સિવાય અન્ય કોઈ ઉપાય નહી રહે તે સમજી લેવું પડશે.

- હરેશ તલાટિયા (રાજકોટ)

### લોકો કરે તે પાપ, સાધુ-સાધ્વી કરે તે ?

તંત્રીશ્રી,

વર્તમાને આજ જૈન સાધુ-સાધ્વી આપણને (સમાજને) આડંબર આરંભ, સમારંભ... જન્મ જયંતિ કે લગ્ન જયંતિ ઉજવવાની મનાઈ કરતા હોય છે. આરંભ - સમારંભ કરવો નહી, આપણે તો દેવ કરતાંય માનવભવને ઉંચો માન્યો છે. કારણ કે માનવ ભવમાં જ મોક્ષ માર્ગની સાધના કરી શકાય.

આજે કેટલાક નૂતન સાધુ-સાધ્વી ધર્મના નામે, પોતાના સ્વાર્થ અને લાભ ખાતર પોતાની -સિધ્ધી પાછળ, આરંભ... સમારંભ વગેરે પાછળ સમાજના લાખો રૂપિયાના ધૂમાડા કરી રહ્યા છે. જેનો કોઈ હિસાબો મળતા નથી, ધર્મના નામે પોતાની ભવ્યાતિભવ્ય જન્મ જયંતિ, દિક્ષા જયંતિ આગળ ધરીને આજ સાધુ-સાધ્વીજીઓ ભપકો, ધમાલ અને ધનનું -દર્શન કરે છે. પોતાની પબ્લીસીટી મેળવવા ધર્મના નામે ઉત્સવોનું આયોજન કરી ભીડ એકઠી કરી સમાજના લાખો રૂપિયાનું પાણી કરી રહ્યા છે. ધર્મના સિધ્ધાંતો ભૂલાઈ ગયા છે. પોતાની ગૌરવગરિમાંથી રચ્યુત થવા લાગ્યા છે. તેમને કોઈ રોકનાર નથી. ધર્મના નામે વિવાદોની કોઈ સીમા રાખી નથી. શું આ અટકાવવું ન જોઈએ ? તપસ્યા આદિ ધર્મ કરણી કર્મ કાપવા માટે કરાય, બાંધવા માટે નથી. આજે જૈન સમાજના ધર્મ-મીઓએ જાગૃત થવાની જરૂર છે. કોઈ કે તો પહેલ કરવી પડશે અને સમાજ હંમેશા તેમનો સહકાર આપશે. કહેવાય છે કે જૈન સાધુ-સાધ્વી ત્યાગમાં અન્યોની અપેક્ષાએ ચઢીયાતા હોય છે. એમાં કોઈ શક નથી.

આજે વિશ્વમાં રાજાશાહી લગભગ નાશ પામી ગઈ છે. કોઈક દેશમાં છે, તો તે પણ માત્ર નામ પૂરતી જ છે છતાં આ યુગમાં આપણા સાધુ-સાધ્વી પોતાની નામોની આગળ પાછળ વિશેષ વિશેષણ લગાડવામાં આવે છે. આની પાછળ રહેલા વ્યંગને ન સમજી શકે એટલા તો આપણા જૈન સાધુ-સાધ્વીઓ અજ્ઞાત તો નથી જ.

આજે ધર્મનું ધોવાણ થતું જાય છે, ભવ્યાતિભવ્યનો ક્રેઝ સમાજને આભડી ગયો છે, ત્યારે બધાને વિવાદો સૂઝે છે. સાધુ તેનો -રક અને પોષક છે. જૈન સમાજની જે મૂડી ગણાય છે તેમાંથી કેટલાક સં-દાયને જૂથવાદ બનાવી રહેલ છે જે એક દુઃખદ બાબત છે દરેકે પહેલા વાચા-વાણીમાં સંયમ રાખવાની જરૂર છે. સાધુ-સાધ્વી પોતે સાધના કરે, આરાધના કરે અને બીજાને પણ -રણા કરે, અનુમોદના કરે તો જ જૈન શાસનને ગૌરવવંતુ રાખી શકાશે.

- બી.બી.મહેતા (રાજકોટ)

### દંડ નીતિ બદલો

તંત્રીશ્રી,

'અર્હન્નીતિ'માં અબોલ પશુઓનો વધ કરનારાઓ માટે પણ આકરી શિક્ષા કરવામાં આવી છે. તે મુજબ જો કોઈ ચોર મનુષ્યનો વધ કરે તેની જેટલી સજા થાય તેના કરતા અડધી સજા ગાય, હાથી, ઉંટ ઈત્યાદિ -ાણીના વધ માટે સૂચવવામાં આવી છે. નાના -ાણીઓનો વધ કરનારા મનુષ્યોને રોકડ રકમના દંડની સલાહ આપવામાં આવી છે. જો કોઈ બ્રાહ્મણ માંસભક્ષણ કરે તો તેને વધુમાં વધુ દંડ કરવાની સૂચના આપવામાં આવી છે. ક્ષત્રિયને મધ્યમ અને વૈશ્યને કનિષ્ટ દંડ તથા શુદ્રને વૈશ્ય કરતાં અડધો દંડ કરવો જોઈએ. આ રીતે મનુષ્યની કક્ષા જેમ ઉંચી હોય તેમ તેને દંડ પણ વધુ કરવો જોઈએ.

રાજાનું સ્થાન -જામાં અત્યંત સન્માનીય હોવું જોઈએ. આ કારણે રાજાની નિંદા પણ અપરાધ ગણાય છે. રાજાની નિંદા કરનાર, તેનું અનિષ્ટ બોલનાર, તેની ખાનગી વાતોને જાહેર કરનાર, રાજાના ભંડારમાં ચોરી કરનાર અને રાજા સાથે શત્રુતા કરનારની જીભ કાપીને તેને દેશનિકાલની સજા ફરમાવવી જોઈએ. આપણી લોકશાહીમાં તો વાણી સ્વાતંત્ર્યને નામે રાજાની ટીકા કરવાની પણ છૂટ આપી દેવામાં આવી છે. જો કે આજના રાજાઓ ટીકાને જ લાયક હોય છે. જો રાજા ખરેખર પરોપકારી હોય તો તેની ટીકા અપરાધ જ ગણાવો જોઈએ.

જે કાળમાં 'અર્હન્નીતિ' ગ્રંથ લખવામાં આવ્યો ત્યારે ક્યા -કારના ગુનાઓ વધુ થતાં હશે તેનો ખ્યાલ પણ દંડનીતિનાં -કરણ ઉપરથી આવે છે. આ -કરણમાં લખવામાં આવ્યું છે કે, 'પોતાની સ્ત્રીને કલંક આવશે એવા ભયથી ઘરમાં જાર પેઠો હોય તેને ચોર ગણાવે તો તેને પાંચસો રૂપિયાનો દંડ કરવો.' જે વ્યક્તિ પોતાન ચાકરોનું ધન ચોરી લે તેને આઠ ગણો દંડ કરવો જોઈએ. આજકાલની કેટલીક કંપનીઓ કર્મચારીઓના -વિડન્ટ ફંડની રકમ હજમ કરી જાય છે, તેમની ઉપર આ નીતિ અજમાવવી જોઈએ.

- ભાવિન આહિર

### પરસેવાની કિંમત ખરી ?

તંત્રીશ્રી,

હવેનું રાજકારણ સંસ્કારહીન, માનવતા વિહન થતું જાય છે. હવે સારા સંસ્કારી, માનવતાવાદી, દેશ-મી, સાદગી, નિઃસ્વાર્થ સેવામાં માનનારાની ખાસ જરૂર છે. કારણ કે, વર્ષો થયા પક્ષનું, સમાજનું નિસ્વાર્થ ભાવે કાર્ય કરનારની કોઈ કિંમત પક્ષને હોતી નથી. કોઇ પૈસા ફેંકે એટલે ટીકીટ મળી જાય. જે તમામ મોરચે નિષ્ફળ હોય તે રાજકારણી બની જાય છે. તેને નિષ્ઠાને, માનવતાને, સાદગીને અને શ્રમને, નિસ્વાર્થ સેવાને બાર ગાઉનું છેટુ હોય છે. માટે હવે ગુંડાઓને રાજકારણમાંથી હટાવવા સારા લોકોએ રાજકારણમાં ઝંપલાવાનો વખત આવી ગયો છે.

કુ. બીંદીયા (રાજકોટ)

**હાઇકુ**

સૌને અપેક્ષા
ચૂંટેલા સારૂં કરે
આબાદી ઘરે
ॐ ॐ
મળે નેતાજી
ખંતીલા કામગરા
ફળે ઈચ્છા ?

**નરસિંહ ભંખોડીયા (મોરબી)**

**ગઝલ**

*એક ભરોસા મોટા ઉપર જીવી લઈએ,*
*વચન સાચા ખોટા ઉપર જીવી લઈએ.*
*સફર જીવનની ટુંકી છે પણ છે મજાની,*
*પાણીના પરપોટા ઉપર જીવી લઈએ.*
*તારૂગીત-સંગીત ભલે અમને મળે નહી,*
*આ શબ્દોના લય-લિસોટા ઉપર જીવી લઈએ.*
*ફના થવામાં કાચની દિવાલ નડે છે,*
*ચાલ ફાનસના પોટા ઉપર જીવી લઈએ.*
*છું કબૂતર શાંતિનું બેસવા ડાળી ક્યાં છે ?*
*બેસી બંદૂકના જોટા ઉપર જીવી લઈએ.*
*ફરી ક્યાં ધરવા લખ ચોર્યાસી વેશ નવા,*
*એક માણસના મુખોટા ઉપર જીવી લઈએ.*

**- વૃજલાલ રૂપાણી**

**મત-અનામત !**

*મેળવવા મત અનામતના,*
*હું તો આપુ છુંટ અનેરી.*
*બનું જો વડા-ધાન તો,*
*ખીલવું અનામત કેરા ફુલ સોનેરી.*
*નહીં ચાલે કામ હવે ટકાથી,*
*મળશે ફુલ છુટ અનામતથી*
*ભલે રહ્યો કાયદો કડક હેલ્મેટનો,*
*આપીશ છુટ અનામતને.*
*હોય ખીસ્સામાં સર્ટી. અનામતનું*
*તો શી જરૂર છે લાયસન્સનીયે.*
*નથી જરૂર બનવા ડોક્ટર,*
*અનામતને કોઈ ફોર્મ ભરવાની.*
*ઘેર બેઠા મળી જશે સર્ટી.,*
*અનામતના લાભાર્થીઓને*
*માંદા પડો તો પહેલા ફરજીયાત,*
*બતાવવું પડશે ડો. અનામતીને.*
*મર્યા બાદ બતાવી શકાશે,*
*અન્ય બીજા ડોક્ટરોને*
*હવે તો બસ થશે પડાપડી,*
*મેળવવા સ્થાન અનામતમાં*
*હું તો દેશના હર નાગરિકને,*
*આપીશ 'અણમોલ' લાભ અનામતના..!*

**- અનિલ સૈરેયા 'અણમોલ' (જામનગર)**




### નાના છોડમાં મોટા ગુણ : અનેક રોગોમાં ખૂબ ઉપયોગી

# આંગણે તુલસી વાવો, તંદુરસ્તી પામો

તંત્રીશ્રી,

આપણાં પૂર્વજોએ 'તુલસી'ને માતા કહેલી છે, વ્યક્ત છે કે માતાનો પરિચય આપવાનો ન હોય તેમ છતાં આ કળીયુગમાં મનુષ્ય એના અગણિત ઉપકારોને ભૂલીને યાદ રાખે છે. કેવળ નામ પૂરતું 'માતા' - મમ્મી - મા શબ્દ બોલતાંની સાથે કેવળ મુખ જ નહીં હૃદય - મન ભરાઈ જાય છે. એવું જ કંઈક તુલસી સાથે થયું છે. હિન્દુસ્તાનમાં વહેલી સવારે નાહ્યા બાદ તુલસી પૂજા કરવાનો વણલખ્યો નિયમ બની ગયેલો છે. જમતાં પહેલા ઠાકોરજીનો થાળ પણ તુલસીદલ વિના અધૂરો રહે છે. તુલસીપત્ર સહિત થાળ -ભુ સ્વીકારે નહી. શાથી ? ગરીબ શું કે અમીર ? દરેકનાં આંગણામાં તુલસીમાતા બીરાજમાન હોય જ દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા મુજબ એને સ્થાન આપે છે. ક્યાંક કુંડામાં તો ક્યાંક જમીનમાં. અતિથિ બનીને ક્યાંક જઈએ અને આંગણામાં તુલસીમાતા જો આપણને સત્કારે નહે તો અવશ્ય પૂછીએ કેમ તુલસી નથી ? તુલસી કેમ સૂકાઈ ગયા ? માતાની જેમ એ પણ બહુ સરળતાથી આપણે ઘર આવી વસે છે. બહુ માન ખાતા નથી. કેવળ માત્ર માંજર લાવી છાંટી દઈએ તો એ તરત જ ઉગી નિકળી. તુલસીક્યારા વગરનું ઘર આજે પણ આ આધુનિકતાની દોડમાં પણ આપણને અંતરમાં કંઈક અપૂર્ણતાનો ભાવ જન્માવે છે. ઔષધો તો અનેક ઉપયોગી પણ અઢળક, તો છતાં આટલું બધું માન સન્માન અને માનવજીવન સાથે તેનું જોડાણ અન્ય કોઈનું નહી તો કેવળ તુલસીને જ કેમ ?

'જનનીની જોડ સખી નહી જડે રે લોલ.'

ઉક્તિ મુજબ તુલસી એ અનન્ય ઔષધ હોઈ એને સમાજમાં - વ્યવહારમાં - માનવ જીવનમાં આટલું ઉંચુ સ્થાન મળ્યું છે. તો આવો આજે આપણે તેનાં મહત્વ વિશે તેનાં ગુણો વિશે કેટલુંક જાણીએ કે શાથી એ અ-તિમ છે.

તુલસીનાં વિવિધ નામો પૈકી કેટલાક નામો અર્થસૂચક છે. એનું એક નામ છે. સુરસા અર્થાત્ જેનો રસ સારો છે, રૂચિકર છે, -િય લાગે એવો છે, આ અર્થ કેવળ સ્વાદનાં સંદર્ભમાં નથી પરંતુ તુલસીનાં પાન ચાવવાથી એ મોંનું બેસ્વાદપણુ, અરૂચિ વિ. દુર કરી ભોજનમાં રૂચિ જન્માવે છે, મુખને સુગંધિત કરે છે તેથી એ સુરસા છે. તેનું બીજું એક નામ છે ઉગ્રા કે ઉગ્રગન્ધા તુલસીનાં પાન અને ફૂલમાં એક વિશિષ્ટ ગંધ રહેલી છે. તેનાં દ્વારા કીટાણુઓનો નાશ કરી વાતાવરણને પવિત્ર કરે છે. એ જ રીતે જો એનો રસ લેવામાં આવે તો મુખમાંનો દાંતના કૃમિઓને મારીને એ મુખની દુર્ગંધ દૂર કરે છે. અંગ્રેજીમાં એને બેઝીક - વ્હાઈટ બેઝીક કહે છે. તુલસીની બે જાત થાય છે એક સફેદ અને બીજી કાળી. કાળી તુલસીનાં પાન તથા કુમળી ડાળીઓનો રંગ અનુક્રમે કાળાશ પડતો લીલો તથા શ્યામ રંગ જોવા મળે છે, કાળી તુલસીએ ગુણમાં ચડિયાતી હોવાનું માનવામાં આવે છે.

તુલસીનાં સામાન્ય ગુણોમાં એ તીખી, કડવી, ગરમ, સુગંધી, તીક્ષ્ણ, રૂચિકર, મનોનુકૂલ, અગ્નિદીપક, લઘુ, કુષ્ઠઘ્ન અને વિષઘ્ન છે. જેથી કરીને એ વાયુ અને કફનાં રોગોમાં, તાવ, શરદી, ઉધરસ, શ્વાસ, ઉલટી, રકતવિકાર, કોઢ, મોંની દુર્ગંધ, અરૂચિ, શિરઃ શૂલ વિ. અનેક રોગોમાં ઉપયોગી છે. તુલસીનાં છોડનો દરેક ભાગ ઔષધીય ગુણ ધરાવે છે એનાથી એ વિશેષ સૂકાઈ ગયેલ તુલસીનો છોડનું લાકડું પણ મનુષ્યને સ્વાસ્થ્ય આપે છે. તેથી યજ્ઞ - યાગાદિ કે હવનમાં પણ સમધિ દ્રવ્યો - હવનમાં હોમવામાં દ્રવ્યોમાં તુલસીની ગણના છે એ સૂકાયેલું લાકડું બળીને જે ધૂમ વાતાવરણમાં -સરાવે છે એ ધૂમ થકી ત્યાંના વાતાવરણની શુધ્ધિ થઈ ઘર પવિત્ર, જંતુ, કીટાણુ, માખી, મચ્છર વિ.ના ત્રાસથી મુક્ત બને છે.

તુલસીનાં પાનનો રસ મરીનાં પાઉડર સાથે મધ કે સાકર નાંખી પીવાથી તાવ અને માથું દુઃખતું મટે છે. તુલસીનાં પાનનો રસ કપાળે - માથે ચોપડવાથી પણ માથાનાં દુઃખાવામાં રાહત થાય છે.

તુલસીનાં પાન અને માંજર ઉકાળી ગોળ સાથે પાવાથી બાળકની સસણી મટે છે. તુલસીને આદુનાં રસ તથા મધ સાથે આપવાથી પેટમાં આવતી ચૂંક, આફરો, કબજીયાત, કૃમિ, અજીર્ણ, ઉલટી, હેડકી, ખાંસી, તાવ, સળેખમ, દુષ્ટવાયુ વિગેરે મટી જઈ દુર્બળ બાળકો ખૂબ તંદુરસ્ત અને મજબૂત બને છે.

દાંતના પેઢાનાં રોગોમાં કે અપચન - અર્જીણ જેવા રોગોમાં કે ક્યારેક કબજીયાતવાળા રોગીને પણ મોઢામાં ખૂબ વાસ આવતી હોય છે. આવી વ્યક્તિ તુલસીનાં પાનનો રસ સૂંઠ કે મરી નાંખી પીવાથી કે તુલસીનાં પાન મોંમાં રાખી ચાવવાથી મોંની દુર્ગંધ મટે છે અને પેટની તકલીફમાં પણ સમયાંતરે ફાયદો થાય છે.

રાત્રે સૂતી વખતે તુલસીનાંપાનનો રસ શરીરે લગાવીને સુવાથી મચ્છર કરડતાં નથી. ચામડીનાં રોગોમાં તુલસી પીવામાં તથા બહાર ચોપડવામાં અલગ-અલગ ઔષધોની સાથે યોજાય છે.

તુલસીનાં પાનનો રસ માંજર સહિત લઈ એનાં ટીપા કાનમાં નાંખવાથી કાનમાંથી નીકળતું વરૂ-રસી અને સોજો મટી પીડામાં રાહત થાય છે.

તુલસીનાં પાન ચાવવાથી જીભ અને હોઠનાં ચાંદા મટી જાય છે, મોંની દુર્ગંધ દુર થાય છે, દાંત મજબૂત થાય છે, પાચનશક્તિ વધે છે, વાયુ ઘટે છે અને ઓડકાર શુધ્ધ આવે છે. ભોજનમાં અજાણતા જ આવી ગયેલા વિષનો નાશ કરી સંભવિત ફૂડ પોઈઝનીંગનાં ભયથી બચાવે છે તેથી જ વિષ્ણુ ભગવાનની એ માનીતિ છે અને વિષ્ણુ -િયા તરીકે ઓળખાય છે.

સાપ કરડે ત્યારે તે દંશ સ્થાન પર કાપો મૂકી તેમાં તુલસીનાં પાનનો રસ અને ચૂર્ણ ભરી દેવું અને તુલસીનો રસ પીવડાવવો આમ કરવાથી રોગીને તુરંત ભાન આવે છે અને સર્પદંશથી મૃત્યુ અટકાવી શકાય છે.

વધુ શું કહેવું ? માતા બાળક માટે શું અને કેટલું કરે છે ? લખવા કે કહેવા બેસનાર થાકે પણ એના ઉપકારોનો કોઈ માપ નથી તેથી જ ઋષિમુનિઓએ એને માતા કહી વંદન કર્યા છે અને એનાં આ ઉપકારોને આપે યાદ રાખી આપણાં બાળકોને પણ એના આ ગુણોથી પરિચિત કરાવીએ એનાં થકી એમને લાભાન્વિત કરીએ અને એનાં -ત્યે સાદરભાવ ઉપજાવી શકીએ એ હેતુથી એમણે એક દિવસ નક્કી કર્યો અને એ દિવસ ત્યારથી દેવદિવાળી નામથી ઓળખાય છે. આજે સમાજમાં ખાસ કરીને કિશોરો - યુવાનોમાં વિવિધ -કારનાં 'ડે'ની ઉજવણીનો ક્રેઝ છે. આપણા પૂર્વજોને શત્ શત્ -ણામ કે જેઓએ આપણને આવો શ્રેષ્ઠ 'ડે' દિવસની ઉજવણી શીખવી. આ દિવસ એ તુલસીનો દિવસ છે. (તુલસી ડે) આ દિવસે આપણે તુલસી વિવાહ કરીએ છીએ. તુલસીનાં વિષ્ણુ ભગવાન સાથે લગ્ન થાય છે. વિષ્ણુ એ સૃષ્ટિનાં દેવ છે એ બ્રહ્માની માફક સર્જન કર્તા નથી કે મહેશ માફક સંહાર કર્તા એ તો છે પાલનકર્તા.

આ રૂપક પણ સમજવા જેવું છે. તુલસીનાં વિવાહ વિષ્ણુ સાથે થયા છે. અર્થાત્ આપણે જો આપણા જીવનનું - આરોગ્યનું જતન - પાલન કરવું હોય તો આપણે આપણા જીવનમાં તુલસીને જોડવી જોઈએ તો રોગરૂપી શત્રુથી એ આપણને બચાવી આપણા જીવનનું રક્ષણ કરે છે.

હજુ વધુ એક વાત કહેવાની લાલચ રોકી શકતી નથી. જેમ બાળક કંઈ ખોટું કરે, અવળે માર્ગે જાય તો એક લપડાક લગાવી એને સવળે માર્ગે લાવનાર પણ માતા જ છે. તેમ આ તુલસીમાતા (કયોંકી સીરીયલની તુલસીમાતા નહી હો?) પણ જો એનો વિધિરહિત ઉપયોગ થાય તો પિતવિકાર રૂપ એક લપડાક પણ લગાવી દે છે. તુલસીનાં ગુણો આગળ આપણે જોયા તેથી ઉષ્ણ - તીક્ષ્ણ, કટુ વિગેરે ગુણોથી યુક્ત હોવાને કારણે જો એ માપથી વધુ લેવાય તો કેટલીકવાર પિત્તની વૃધ્ધિ અને એના વિકારો જેવા કે દાહ, એસીડીટી વિગેરે ઉત્પન્ન કરી શકે છે.

આ લેખ વાંચ્યા પછી ૫ થી ૧૦ ટકા વાંચકો પણ જો આમાંથી બોધ લઈ એનો લાભ લેશે તો મારા આ -યત્ન સાર્થક સમજીશ. અન્યથા એ કેવળ શ્રમ બની જશે. (૨૧.૫)

**- આયુર્વેદાચાર્ય : શિતલ જોશી** (રાજકોટ)

**મંદી - મોંઘવારી**

*સ્વાર્થના જાળા જામ્યાં છે સઘળે,*
*પરમાર્થના દ્વાર બંધ રહે છે,*
*લોકનાયક તારા-મારામાં રહે ફસાયા,*
*-જાના સુખના બોલે સફાયા.*
*મત માટે ઉમેદવાર યાદ કરે -જાને,*
*ચૂંટાયા બાદ કોઈના ભાળે અજવાળે,*
*ચૂંટાવા હથેળીમાં ચાંદ દેખાડે,*
*પાંચ વર્ષે લોકોથી મુખ છૂપાવો !*
*આમ આદમી ભૂખે મરે છે,*
*રાજકર્તા ખુદની વાહવાહ કરે છે,*
*મંદી-મોંઘવારી લોકોને નડે છે,*
*-જા સેવક જલ્સા કરે છે !*
*ક્યારે જન્મ લેશે બીજા ગાંધી,*
*જે દેશ નેતાઓના કાન પકડશે,*
*જનતા ઝંખે છે દુઃખથી છૂટકારો,*
*ક્યાંય ના દેખાય સુખનો પડછાયો.*

**- ધીરૂભાઇ કક્કડ (રાજકોટ)**

**ચૂંટણી ગીત**

*ચૂંટણી કહો ન એને*
*ભાઈ પર્વ -જાસત્તાક છે.*
*પાંચ વર્ષની ઘોર નિંદરનો,*
*ઉતરી ગયેલો થાક છે...*
*રેલમછેલ છે શરાબની,*
*ને નાણાંનો ઉડે ગુલાલ,*
*બકરાઓ પહેલા પુષ્ટ થશે,*
*ને પછી થશે હલાલ.*
*બે હાથ જોડી માંગે એ મત*
*જેને આખા ઈલાકે ધાક છે...*
*ચૂંટણી કહો ન એને...*
*અવર પસીને પ્યાસ બૂઝાવી,*
*એ વાનગી ભૂખ્યા થાશે,*
*ભાંગી પડેલી માણસાઈના,*
*કટકા વહેંચી ખાશે.*
*દુનિયાના મોટા લોકતંત્રના*
*નેતાઓ એનું નાક છે...*
*ચૂંટણી કહો ન એને...*

**- 'વિસ્મિત' રૂપાણી (પોરબંદર)**




**વિચિત્રતા : મનમોહન પામે ચૂંટણી લડવાની ત્રેવડ નથી, પણ તલવારો ફેરવે છે.. અડવાણી ચૂંટણી લડે છે, પણ હિન્દુત્વની તલવાર કટાઇ ગઇ છે !**